

## (C - 53) ભક્તિરસના ભાવભીના

ભક્તિરસના ભાવભીના એ, ભરભર પ્યાલા પીલો;
સૌ ભરભર પ્યાલા પીલો.

સમતાભાવે જિનદરશનના, અમૃતપાન કરી લો;
સૌ અમૃતપાન કરી લો.

કાલ અનાદિના કર્મને છેદી, ક્રોધ માન માયાને ભેદી;
ચિદ્-વિશ્વમાં તત્ત્વજ્ઞાનના, મહાવીર પાઠ પઢી લો,
સૌ૦ ભક્તિરસના૦

સાગર ખારા સલિલ તુફાની, મળ્યા હવે જિન ખરા સુકાની;
ભવસાગર તરવા જો ચાહો, નૈયા પાર કરી લો,
સૌ૦ ભક્તિરસના૦

રાજપાટ સુખ-સંપદ ત્યાગી, બન્યા સંયમી જિન વીતરાગી;
ત્યાગવૃત્તિના અજોડ મંત્ર એ, ઘટઘટ ધ્યાન ધરી લો,
સૌ૦ ભક્તિરસના૦

આતમ-ધર્મનું મનન કરીને, ભાવે વીર–વચન દિલ ધરીને;
મહાવીર વધાઈ મંગલ થાવે, શિવ–લક્ષ્મી સુખ વરી લો,
સૌ૦ ભક્તિરસના૦